**ધોરડો પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૬૫/૨૬ ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૦૮, ૩(૫), મુજબના ગુન્હા કામના આરોપી (૧) જામીન સુમાર રાયશી (૨) ઈશાક સુમાર રાયશી (૩) ગુલાબી રમજાન રાયશી (૪) દરીયા ગુલાબી રાયશીનાઓએ જામીન મુકત થવા કરેલ અરજી નીચે હુકમ**

––––––––––––––––––––––––––––––––––––––––

(૧) સદરહું કામે આરોપી તરફે રજુ જામીન અરજી વંચાણે લીધી. સદરહું કામે સંલગ્ન પોલીસ પેપર્સ વંચાણે લીધા. આરોપી તરફે રજુ હાલની જામીન અરજી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા તેમજ શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી.ને સાંભળ્યા.

(૨) સદરહુ કામે આરોપી તરફે વિ.વકીલશ્રી રજુઆત કરેલ છે કે, આ કામે અરજદાર/આરોપીને પોલીસે ઉપરોકત ગુના કામે તારીખ ૧૫/૦૬/૨૬ ના રોજ કલાક–૧૭:૦૦ વાગ્યે અટક કરી, અત્રેની કોર્ટ સમક્ષ ૧૬/૦૬/૨૦૨૬ નારોજ રજુ કરેલ. અરજદાર/આરોપીને પોલીસે ઉપરોકત ગુનાના કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપી આ ગુનાના કામે કશુ જાણતા નથી. આરોપી આ ગુનામાં તદન નીર્દોષ છીએ તેમજ આરોપી સામે પ્રથમ દર્શનીય રીતે જોતા કોઈ ગુનો બનતો ન હોય, તેમ છતા આ કામે આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અમારી સામેના ગુનાની જોગવાઈ જોતા અમારી સામે ફાંસીની કે આજીવન કેદની સજાની જોગવાઈનો ગુનો નથી. આ કામે અરજદાર/આરોપી તા.૧૬/૦૬/૨૦૨૬ થી છેલ્લા ૬૦ દીવસથી ન્યાયીક કસ્ટડીમાં છે. ૧૬૭(૨)(એ) મુજબ ડીફોલ્ટ બેઈલની જોગવાઈ જોતા બી.એન.એસ.કલમ–૧૦૮મા સજાની જોગવાઈ દસ વર્ષ સુધીની છે. ચાર્જશીટ કરવા ૯૦ દીવસ ત્યારે જ મળે જયારે આજીવન કેદ અથવા મોતની સજાની જોગવાઈનો ગુનો હોય, નામદાર કર્ણાટક હાઈકોર્ટના

Cri.Petn. No.2230 of 2024, Dt.30.07.2024 Nadeem Ahmed Vs State ના ચુકાદા મુજબ ૩૦૬ના કામમાં ૧૦ વર્ષ સુધીની સજા છે એટલે જો ૬૦ દીવસમા ચાર્જશીટ ન થાય તો આરોપી જામીન મેળવવાને પાત્ર છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ તમામ રજુઆતો ધ્યાને લઈ આરોપીની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીનાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કામે આરોપી વીરુધ્ધ બી.એન.એસ. કલમ –૧૦૮નો ગુનો નોંધાયેલ છે. જે ગુનાની મહતમ સજા દસ વર્ષની છે. બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૭(૩)(૧) મુજબ સજાની જોગવાઈ દસ વર્ષની અથવા તેથી વધારે સજા વાળા ગુનામાં ચાર્જશીટ કરવાની સમયમર્યાદા ૯૦ દીવસની હોય છે. આથી હાલની અરજી ટકવાપાત્ર ન હોય, તે હકિકત ધ્યાને લેતા આરોપીને જામીનમુકત કરવા સામે સખત વાંધો છે.

(૪) સદરહું કામે હાલના કામના આરોપી તરફે રજુ જામીન અરજી વંચાણે લીધી, ઉભયપક્ષ તરફે કરેલ દલીલો લક્ષમાં લીધી. ફરીયાદ તથા સંલગ્ન પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજીમાં જણાવેલ જોગવાઈ તથા ફરીયાદપક્ષે રજુ થયેલ વાંધાઓ લક્ષમાં લીધેલ.સદરહું કામે ધોરડો પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૬૫/૨૬ ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૦૮, ૩(૫), મુજબના ગુન્હા કામના આરોપી (૧) જામીન સુમાર રાયશી (૨) ઈશાક સુમાર રાયશી (૩) ગુલાબી રમજાન રાયશી (૪) દરીયા ગુલાબી રાયશીનાઓને અત્રેની અદાલત સમક્ષ તા.૧૬/૦૬/૨૦૨૬ મુજબ કલાક–૧૫.૦૦ વાગ્યે આ ગુનાના કામે મારી સમક્ષ રજુ કરવામાં આવતા

આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવામાં આવેલ અને ત્યારથી હાલના આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે.

(૪.૧) આ તબકકે બી.એન.એસ.ની કલમ–૧૦૮, બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૭ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવતી હોય, જે નીચે મુજબ છે:–

The Bharatiya Nyaya Sanhita, 2023 Section-108 Abetment of suicide. If any person commits suicide, whoever abets the commission of such suicide, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine. The Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 Section-187 Procedure when investigation cannot be completed in twenty-four hours.

(1) Whenever any person is arrested and detained in custody, and it appears that the investigation cannot be completed within the period of twenty-four hours fixed by section 58, and there are grounds for believing that the accusation or information is well-founded, the officer in charge of the police station or the police officer making the investigation, if he is not below the rank of sub-inspector, shall forthwith transmit to the nearest Magistrate a copy of the entries in the diary hereinafter specified relating to the case, and shall at the same time forward the accused to such Magistrate.

(2) The Magistrate to whom an accused person is forwarded under this section may, irrespective of whether he has or has no jurisdiction to try the case,

after taking into consideration whether such person has not been released on bail or his bail has been cancelled, authorise, from time to time, the detention of the accused in such custody as such Magistrate thinks fit, for a term not exceeding fifteen days in the whole, or in parts, at any time during the initial forty days or sixty days out of detention period of sixty days or ninety days, as the case may be, as provided in sub-section (3), and if he has no jurisdiction to try the case or commit it for trial, and considers further detention unnecessary, he may order the accused to be forwarded to a Magistrate having such jurisdiction.

(3) The Magistrate may authorise the detention of the accused person, beyond the period of fifteen days, if he is satisfied that adequate grounds exist for doing so, but no Magistrate shall authorise the detention of the accused person in custody under this sub-section for a total period exceeding

(i) ninety days, where the investigation relates to an offence punishable with death, imprisonment for life or imprisonment for a term of ten years or more;

(ii) sixty days, where the investigation relates to any other offence, and, on the expiry of the said period of ninety days, or sixty days, as the case may be, the accused person shall be released on bail if he is prepared to and does furnish bail, and every person released on bail under this sub-section shall be deemed to be so released under the provisions of Chapter XXXV for the purposes of that Chapter.

(૪.૨) વધુમાં હાલની અરજીના ન્યાયીક નીર્ણય માટે નામદાર સર્વોચ્ચ અદાલતનો તથા નામદાર કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાઈ આવતો હોય, જે નીચે મુજબ છે.

**Enforcement Directorate, Government Of India Versus Kapil Wadhawan, 2023 (0) AIJEL-SC 70787**

50. Since there exists vacuum in the application and details of Section 167 CrPC, we have opted for an interpretation which advances the cause of personal liberty. The accused herein were remanded on 14.05.2020 and as such, the chargesheet ought to have been filed on or before 12.07.2020 (i.e. the sixtieth day). But the same was filed, only on 13.07.2020 which was the 61st day of their custody. Therefore, the right to default bail accrued to the accused persons on 13.07.2020 at 12:00 AM, midnight, onwards. On that very day, the accused filed their default bail applications at 8:53 AM. The ED filed the chargesheet, later in the day, at 11:15 AM. Thus, the default bail Applications were filed well before the chargesheet. In Ravindran(supra) and Bikramjit (supra), which followed the Constitution Bench in Sanjay Dutt(supra) it was rightly held that if the accused persons avail their indefeasible right to default bail before the chargesheet/final report is filed, then such right would not stand frustrated or extinguished by any such subsequent filing. We therefore declare that the stipulated 60/90 day remand period under Section 167 CrPC ought to be computed from the date when a

Magistrate authorizes remand. If the first day of remand is excluded, the remand period, as we notice will extend beyond the permitted 60/90 days' period resulting in unauthorized detention beyond the period envisaged under Section 167 CrPC. In cases where the chargesheet/final report is filed on or after the 61st/91st day, the accused in our considered opinion would be entitled to default bail. In other words, the very moment the stipulated 60/90 day remand period expires, an indefeasible right to default bail accrues to the accused.

**IN THE SUPREME COURT OF INDIA CRIMINAL APPELLATE JURISDICTION SPECIAL LEAVE TO APPEAL (CRL.) NO. 2009 OF 2017 Rakesh Kumar Paul VS State of Assam.**

Para 30. In view of the above discussion, my findings are as follows:

1. I agree with both my learned brothers that the amendment made to the Prevention of Corruption Act,1988 by the Lokpal and Lokayuktas Act, 2013 applies to all accused charged with offences under this Act irrespective of the fact whether the action is initiated under the Lokpal and Lokayuktas Act, 2013, or any other law;

2. Section 167(2)(a)(i) of the Code is applicable only in cases where the accused is charged with (i) offences punishable with death and any lower sentence; (ii) offences punishable with life imprisonment and any lower sentence and (iii) offences punishable with minimum sentence of 10 years;

3. In all cases where the minimum sentence is less than 10 years but the maximum sentence is not death or life imprisonment then Section 167(2)(a)(ii) will apply and the accused will be entitled to grant of 'default bail' after 60 days in case charge-sheet is not filed.

4. The right to get this bail is an indefeasible right and this right must be exercised by the accused by offering to furnish bail.

**CRIMINAL PETITION No.13459 OF 2024 C/W WRIT PETITION No.33526 OF 2024 (GM – RES) State Of Karnataka By Kavoor Police Station vs Kalandar Shafi S/O Late Ismail and Others HIGH COURT OF KARNATAKA AT BENGALURU**

Para 14 SUMMARY OF FINDINGS:

(i) A slight tweak in the new regime qua 187(3) of BNSS in juxtaposition to Section 167(2) of the earlier regime – the Cr.P.C. has not changed the purpose of the provision.

(ii) The phraseology of the words 'ten years or more' found in sub-clause (i) of Section 187(3) of the BNSS would mean, the minimum threshold punishment imposable on an offence under the BNS should be ten years.

(iii) The offence in the case at hand, does not bear a minimum threshold sentence of ten years, but is extendable or to an extent of ten years, which would

mean, discretion available to the concerned Court to impose punishment up to ten years. Therefore, the minimum threshold is not ten years.

(iv) Completion of investigation in a punishment which is up to ten years is undoubtedly 60 days. Rest of the other offences, be it death, life imprisonment of ten years and more, would be 90 days.

(v) If the investigation is to complete within 60 days, the period of police custody would run from day one day forty of registration of the crime. If it is 90 days, it would run from day one to day 60, maximum period in both the cases is 15 days of police custody.

(vi) In the case at hand, the offence is punishable up to ten years, Therefore, the police custody is only from day one to day forty.

(૪.૩) હાલના ગુનાના કામે આરોપી વીરુધ્ધ બી.એન.એસ. કલમ−૧૦૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. જે મુજબ આરોપીને મહતમ દસ વર્ષની કેદની સજા તથા દંડની જોગવાઈ છે. બી.એન.એસ.ની કલમ−૧૮૭(૩) મુજબ જયારે કોઈ ગુનાની સજાની જોગવાઈ ઓછામાં ઓછી દસ વર્ષ હોય ત્યારે અથવા ગુનાની જોગવાઈ મૃત્યુદંડ અથવા આજીવન કારાવાસની હોય ત્યારે ૯૦ દીવસનો સમય હોય છે. પરંતુ જયારે કોઈ ગુનાના સજાની જોગવાઈ મહતમ સજા દસ વર્ષ હોય ત્યારે કલમ−૧૮૩(૩) મુજબ ૬૦ દીવસનો સમય હોય છે. સરકાર પક્ષે દલીલ કરવામાં આવેલ છે કે, હાલના ગુનાના કામે ૯૦ દીવસનો સમય હોય છે, ઉપરોકત ચર્ચા મુજબ તે દલીલ ટકવાપાત્ર રહેતી નથી. વધુમાં, આ કલમનું અર્થઘટન નામદાર સર્વોચ્ચ અદાલતના ૨૦૧૭ના ઉપરોકત ચુકાદામાં તથા નામદાર

કર્ણાટક હાઈકોર્ટએ ઉપરોકત ચુકાદામાં કરવામાં આવેલ છે. જે મુજબ જયારે કોઈ ગુનાની મહતમ સજા દસ વર્ષ હોય ત્યારે પોલીસ ધ્વારા તપાસ દીન–૬૦માં પુરી કરી અને ચાર્જશીટ રજુ કરવાની હોય છે.

(૪.૪) એ વાત સ્પષ્ટ છે કે, બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૭(૩) મુજબ ડીફોલ્ટ જામીન અરજી દાખલ કરવામાં આવે છે ત્યારે આ અરજી ગુનાની ગંભીરતા કે સજાની જોગવાઈ, સમાજ પર તે ગુનાની અસર જેવા અન્ય પરીબળો પર ગુણદોષ ધ્યાને લેવાતા નથી. બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૭(૩) મુજબ ડીફોલ્ટ જામીન અરજીના નીર્ણયના તબકકે એ જોવાનુ રહે છે કે, ૬૦ કે ૯૦ દીવસના સમયગાળામાં ચાર્જશીટ દાખલ કરવામાં ન આવે અને આરોપી તરફે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૭(૩) મુજબ ડીફોલ્ટ જામીન પર મુકત થવા માટે અરજી કરે અને જામીન આપવા તૈયાર હોય તો તેને જામીન પર મુકત થવાનો આ કલમ મુજબ તેનો જામીન પર છુટવાનો અધીકાર રહેલ છે.

(૪.૫) હાલના આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ ૧૬/૦૬/૨૦૨૬ નારોજ રજુ કરેલ. આરોપીને જે દીવસે અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ તે દીવસ પણ ગણતરીમાં ધ્યાને લેતા, આજરોજ આરોપીનો જયુડીશ્યલ કસ્ટડીમાં ૬ર મો દીવસ છે અને આજરોજ સધી અત્રેની અદાલતમાં આ ગુનાની ચાર્જશીટ રજુ રાખવામાં આવેલ નથી. ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબ હાલના ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપી ૬૧માં દીવસે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૭(૩) મુજબ ડીફોલ્ટ જામીન પર છુટવા અધીકૃત છે.

(૫) આમ, આક્ષેપીત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ની કલમ–૧૮૭(૩) મુજબની આરોપીને જામીન અરજી લગત નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

૧ હાલની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે. આ કામના આરોપીઓને પ્રત્યેકના રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂા. વીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:શરતો :–</u>**

૧. અરજદાર/આરોપીઓએ ફરીયાદ પક્ષને તપાસના કામે પુરતો સાથ સહકાર આપવો.
૨. આરોપીઓએ પોતાનું હાલનું તથા કાયમી સરનામું કોન્ટેકટ નંબર સાથે પુરશીશથી રજુ કરવું અને તેમાં ફેરફાર થયે તપાસ કરનાર અમલદારને જાણ કરવી.
૩. અરજદાર/આરોપી ધ્વારા કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવું.

સદર હુકમની જાણ ડી.એસ.પી. કચેરી, ભુજ–કચ્છને કરવી.

આજરોજ **તા:૧૮ માહે: ઓગસ્ટ સને:૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૮/૦૮/૨૦૨૬
ભુજ–કચ્છ

**(એમ.આર.જૈન)**
અધિક જયુડીશીયલ
મેજીસ્ટ્રેટ(ફ.ક),ભુજ–કચ્છ.